# પ્રસાર ભારતી
## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 04-09-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ ભરૂચ અને સુરત જીલ્લામાં ભારે વરસાદ... સૌથી વધુ 18 ઇંચ વરસાદ ભરૂચના વાલિયા તાલુકામાં નોંધાયો. આજે છોટાઉદેપુર, નર્મદા અને સુરતમાં અતિભારે વરસાદની સંભાવના.
- ✓ સ્વચ્છ વાયુ સર્વેક્ષણ 2024'માં સુરત શહેર સમગ્ર દેશમાં પહેલા ક્રમાંકે.
- ✓ રાજ્યમાં 2 દિવસથી ચાલી રહેલી તબીબોની હડતાળનો અંત.
- ✓ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ આજે સુરતથી જળસંચય જનભાગીદારી અભિયાનનો પ્રારંભ કરાવશે
- ✓ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ બનાસકાંઠામાં દેશની પહેલી સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરીનો પ્રારંભ કરાવ્યો.

## BHARUCH RAIN

રાજ્યના 187 જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો  છે. સૌથી વધુ 18 ઈંચ વરસાદ ભરુચ જિલ્લાના વાલિયામાં નોંધાયો છે. અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે, ભરૂચ જિલ્લામાં મુશળધાર વરસાદને પગલે અનેક વિસ્તારો જળમગ્ન બન્યા છે. જનજીવન અસરગ્રસ્ત બન્યું છે, વાહનવ્યવહાર ખોરવાયો છે, નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો થયો છે. વાલિયા તાલુકાના ડહેલી સહિતના ગામો

સંપર્કવિહોણા બન્યા છે. ભારે વરસાદના પગલે વહીવટીતંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરાઈ છે.

અમારા પ્રતિનિધિ ઉમેર્યું કે, નર્મદા ડેમમાંથી પાણી છોડાતાં ભરૂચના ગોલ્ડન બ્રિજ ખાતે નર્મદા નદી 17 ફૂટથી ઉપર વહી રહી છે. તંત્ર દ્વારા સ્થિતિ પર ચાંપતી નજર રખાઈ રહી છે.

આ સાથે સુરત, નવસારી, વલસાડ, તાપી, ડાંગ અને ખેડા જિલ્લાઓમાં પણ ચારથી છ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના 19 ગામના 1 હજાર 508 લોકોને સલામત સ્થળે ખસેડાયા છે.

ભાવનગર જિલ્લામાં અડધાથી એક ઈંચ વરસાદ નોંધાયો છે. ગોહિલવાડ અને તળાજા પંથકમાં ધોધમાર વરસાદ પડ્યાના અહેવાલ છે.

દરમિયાન વરસાદના કારણે રાજ્યમાં અસરગ્રસ્ત માર્ગોનું સમારકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

મહેસાણા જિલ્લામાં મહેસાણા, ઊંઝા, વિજાપુર, વિસનગર, વડનગર, ખેરાલુ, બેચરાજી સહિતના તાલુકામાં રસ્તા મરામત માટે 10 ટુકડી કાર્યરત કરાઈ છે. રાજકોટ જિલ્લામાં આજીડેમ, ચોકડી, ઢેબર રોડ, જૂના મોરબી રોડ સહિતના રસ્તાઓ પર સમારકામ પૂર્ણ થતાં વાહનવ્યહાર સામાન્ય બન્યો છે.

દાહોદ જિલ્લામાં 157 કિલોમીટરમાંથી 91 કિલોમીટરના રસ્તાના સમારકામની કામગીરી પૂર્ણ કરાઈ છે. નર્મદા જિલ્લામાં નુકશાનગ્રસ્ત એક હજાર 441 કિલોમીટર ના રસ્તાઓ પર યુદ્ધના ધોરણે કામગીરી કરાઈ રહી છે. ભૂજમાં તમામ રસ્તાઓને નગરપાલિકા દ્વારા કામગીરી કરી મોટરેબલ બનાવાયા છે.

.................

## WEATHER ALERT

હવામાન વિભાગે આજે છોટાઉદેપુર, નર્મદા અને સુરતમાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે બનાસકાંઠા, પંચમહાલ અને દાહોદ તેમજ વડોદરા

તેમજ ભરૂચ અને ડાંગમાં યલો એલર્ટ અને જ્યારે અમદાવાદ સહિતના જીલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ  અપાયું છે.

ઉપરાંત આજે પણ ભરૂચ અને સુરતમાં રેડ એલર્ટ છે. જ્યારે દક્ષિણ ગુજરાત માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

.................

## WEATHER WATCH GROUP BETHAK

રાજ્યના રાહત નિયામકના અધ્યક્ષસ્થાને સ્ટેટ ઇમરજન્સી રિસપોન્સ સેન્ટર ગાંધીનગર ખાતે વેધર વોચ ગૃપની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં હવામાન વિભાગના અધિકારી દ્વારા  આગામી 9 સપ્ટેમ્બર સુધી રાજયમાં ભારેથી હળવા વરસાદની આગાહી બાબતે સમીક્ષા કરવામાં આવી હતી. રાજ્યમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખી સંબંધિત વિભાગો સાથે જરૂરી ચર્ચા કરી સંભવિત જોખમો સામે સાવચેત રહેવા રાહત નિયામકે જણાવ્યું હતુ.

રાજ્યમાં વરસાદના કારણે સર્જાયેલી પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને પશુપાલન, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, કૃષિ, NDRF અને તટરક્ષકદળ વગેરે વિભાગોના નોડલ અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી.

હાલમાં પરિસ્થિતિને ધ્યાને રાખી વરસાદ બંધ થયા બાદ પાણી ભરાઈ ન રહે, રોગચાળો ન ફેલાય તથા બંધ રોડ-રસ્તા સત્વરે પૂર્વવત કાર્યરત થાય તે અંગે સંબંધિત લાઈન ડિપાર્ટમેન્ટને જરૂરી કાર્યવાહી કરવા અંગે પણ જણાવ્યું હતું.

.................

## SURAT SWACHCHH VAYU SARVEKSHAN

સુરત શહેરે સ્વચ્છ વાયુ સર્વેક્ષણ 2024’માં 131 શહેરને મ્હાત આપીને સમગ્ર દેશમાં પહેલો ક્રમાંક હાંસલ કર્યો છે. ગયા વર્ષે આ સર્વેક્ષણમાં સુરત 13મા ક્રમાંકે હતું,

જ્યારે ઇન્દોર પહેલા ક્રમાંકે હતું, પરંતુ આ વખતે સુરતે સર્વેક્ષણમાં 200માંથી 194 ગુણ મેળવ્યા છે.

સુરતની આ સિદ્ધિ બદલ સાતમી સપ્ટેમ્બરે જયપુર ખાતે નેશનલ મિશન ફોર ક્લિન એર કાર્યક્રમ અંતર્ગત સમારોહ યોજાશે, જેમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા 'નેશનલ ક્લીન એર સિટી'ના બહુમાન સાથે દોઢ કરોડ રૂપિયાની ઈનામી રાશિ, ટ્રોફી અને પ્રમાણપત્ર સુરતનાં મેયર અને મહાનગરપાલિકાના કમિશનરને અર્પણ કરાશે.

શહેરના મેયર દક્ષેશ માવાણીએ પણ સમગ્ર શહેરને શ્રેષ્ઠ બનાવવા સંકલ્પિત થઈ સૌ સુરતવાસીઓને સાથ સહકાર બદલ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.................

## JR DOCTORS STRIKES END

રાજ્યમાં 2 દિવસથી ચાલી રહેલી તબીબી હડતાળનો અંત આવ્યો છે. રાજ્યના ઇન્ટર્ન અને જૂનિયર તબીબોએ ગઈકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે બેઠક યોજ્યા બાદ આ નિર્ણય કર્યો હતો.

રાજ્યના જરૂરિયાતમંદ નાગરિકોની સારવાર અને વ્યાપક જન આરોગ્ય સંભાળ હિતને ધ્યાને રાખી તબીબોએ હડતાળને પૂર્ણ કરી છે. તેમ જ તબીબોએ પોતાની સેવાઓ પૂર્વવત્ કરવાની મુખ્યમંત્રીને ખાતરી આપી હતી.

.................

## SURAT JALSANCHAY ABHIYAN

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ આજે સુરતના માંડવી તાલુકાના તડકેશ્વર ખાતેથી જળસંચય જનભાગીદારી અભિયાનનો પ્રારંભ કરાવશે. આ મહાભિયાન અંતર્ગત કેન્દ્રીયમંત્રી તથા આદિજાતિ વિકાસ રાજય મંત્રી કુંવરજી હળપતિના હસ્તે જિલ્લાના તમામ 9 તાલુકાના 587 ગામમાં એકસાથે 2 હજાર 31 કામોનું ખાતમુહૂર્ત કરાશે. પાણીના એક-એક ટીપાંનો સંચય અને સંગ્રહ કરવા સૌને અભિયાનમાં જોડવાનો અનુરોધ કરાયો છે.

આ અભિયાન અંતર્ગત જન ભાગીદારી થકી વધુને વધુ બૉર રિચાર્જ, કૂવા રિચાર્જ અને અન્ય રિચાર્જ સ્ટ્રકચર દ્વારા વરસાદી પાણી જમીનમાં ઉતારવામાં આવશે.

.................

## BANAS DAIRY SHANKAR CHAUDHRI

બનાસકાંઠાના થરાદ ખાતે બનાસ સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી અને બનાસ સેવ સોઈલ ફાર્મર પ્રોડ્યુસર કંપનીનું નિર્માણ કરવામાં આવ્યું છે. દેશની આવી પ્રથમ લેબોરેટરીનું લોકાર્પણ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીના હસ્તે કરાયું હતું.

આ પ્રયોગશાળાના ઉદઘાટન પ્રસંગે શ્રી ચૌધરીએ જિલ્લાના ખેડૂતોને તેના દ્વારા મળતા ફાયદા વિષે વાત કરી હતી. આગામી સમયમાં ખેડૂતોને પોતાની જમીનમાં કયું વાવેતર કરવાનું છે અને તેમાં કયા ખાતરનો ઉપયોગ કરવાનો છે તે આ માટી પરીક્ષણ ઉપરથી નક્કી થશે. ખેડૂતોને ઘરે બેઠા ખેતીલક્ષી માહિતી મળશે તેમ શ્રી ચૌધરીએ ઉમેર્યું હતું.

.................

## STHANIK SWARAJ CHUNTANI

ગુજરાતમાં આગામી સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાશે. ત્યારે નગરપાલિકા અને જિલ્લા પંચાયતોમાં 27 ટકા ઓબીસી અનામત પ્રમાણે બેઠકો નિશ્ચિત કરવામાં આવી છે.. રાજ્યની નગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતોમાં બેઠકોની વહેંચણી કરવામાં આવી છે..

રાજ્યની ૭૫ નગરપાલિકા તથા ૨ જિલ્લા પંચાયતની બેઠકોની વહેંચણી અંગે જાહેરનામું જાહેર કરાયું છે..રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજવાની પૂરજોશમાં ચાલતી તૈયારીઓના ભાગરૂપે આ જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે..

.................

## MAHAVIR JAYANTI

મહાવીર જન્મ વાંચન જૈનોના પર્વ પર્યુષણના આજે પાંચમા દિવસે મહાવીર જન્મ વાંચન દિવસની ધાર્મિક હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાશે.

રાજ્યભરના જૈન સંઘોમાં આજે ધામધૂમપૂર્વક મહાવીર જન્મ વાંચનની ઉજવવામાં આવશે અને ત્રિશલા માતાને આવેલા 14 મહાસ્વપ્નના દર્શન કરાવાશે. કલ્પસૂત્રનું વાંચન કરાશે. જૈન ધર્મમાં કલ્પસૂત્રનો ખૂબ જ મહિમા છે, જૈન શ્રાવક - શ્રાવિકાઓ આજે ખૂબ જ ભાવથી કલ્પસૂત્રનું શ્રવણ કરશે. મહાવીર પ્રભુને પારણે પધરાવી ઝુલાવવામાં આવશે. પ્રત્યેક જિનાલયમાં મહાપૂજા સાથે પ્રભુજીની ભવ્યાતિભવ્ય આંગી કરાશે.

.................

## PATAN SAMPOORNATA ABHIYAN

નીતિ આયોગના સંપૂર્ણતા અભિયાન અંતર્ગત પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં સુપોષણ સંવાદ ઉજવણી અને પોષણ માસની ઉજવણી કરવામાં આવી. દરમિયાન પોષણ માસની વિષયવસ્તુ હેઠળ એક હજાર દિવસનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ મહિને જિલ્લા વિકાસ અધિકારી બી.એમ. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ આંગણવાડી કેન્દ્રોમાં પોષણ માહની ઉજવણી કરવામાં આવી રહી છે, જે અંતર્ગત પાટણનાં ખાનપુર અને માનપુર ગામે પણ સુપોષણ સંવાદ દિવસની ઉજવણી કરવામાં આવી હતી

.................

## ORGANIC FARMING BANASKANTHA

બનાસકાંઠા જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ અંતર્ગત 3 હજાર 516 તાલીમ થકી જિલ્લાના 83 હજાર 442 જેટલા ખેડૂતને પ્રાકૃતિક ખેતી માટે પ્રેરિત કરાયા છે એમ જિલ્લાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે. જિલ્લામાં કૃષિસખી અને પશુસખીની કુલ 1 હજાર 198 મહિલાઓને પ્રાકૃતિક ખેતી અંગેની તાલીમ આપવામાં આવી હતી.

.................